જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૯/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૮૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૬૮	૨	૧૧૬૭૦	૧૭૭૭૯	૨	૧૭૭૮૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૮	૦	૧૦૮	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૦૮૩૨	૮૯	૭૦૯૨૧	૭૧૮૧૭	૯૫	૭૧૯૧૨
કુલ		૮૭૩૪૧	૯૧	૮૭૪૩૨	૯૬૨૫૨	૯૭	૯૬૩૪૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૬	૩,૭૧,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૫૯	૮,૫૯,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૮૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૧૩ લીટર દેશી દારૂ, ૫૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૮૪ ક્વોટર ઇંગ્લીશ દારૂ, ૫૮ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૩,૪૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૮૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૧૬૮૬/૨૦૨૧**

સેટેલાઇટઃ ચંદ્રુભાઇ ભગવાનદાસ અભિચંદાની (ઉ.વ.૫૬)(રહે.સેકટર-૧/એ ગાંધીધામ કચ્છ) એ તા.૧૪/૦૯/૨૦૨૧ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે મે/૨૦૧૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઇટ રામદેવનગર સાંઇબાબા મંદીર ની સામે "પલક ક્રિષ્ટલ" ખાતે આરોપી અમિતભાઇ રજનીકાંત જોષી (રહે.પલક ક્રીસ્ટલ રામદેવનગર સેટેલાઇટ) એ ચંદ્રુભાઇ સાથે મિત્રતા કેળવી વિશ્વાસ ભરોસો આપી, પોતાના કન્ટ્રકશન ના કામ સારૂ પૈસાની જરૂરીયાત ઉભી થઇ હોવાનુ કહી, મિત્રતા મા મદદ કરવાનુ જણાવી અશોકભાઇ ખીયાણી ના ઘરે ચંદ્રુભાઇ પાસેથી કુલ રૂપિયા ૪૫,૦૦,૦૦૦/- હાથ ઉછીના મેળવી લઇ સિક્યુરીટી પેટે તેઓની બેન્કના ચેકો અને નિકોલ ગામ ખાતે આવેલ "મનાલી રેસીડન્સી" નામની સ્કીમમાં ફ્લેટ નં-બી/૧૦૧, બી/૨૦૨ તથા બી/૨૦૪ એમ કુલ ત્રણ ફલેટોનું પાવર ઓફ એટર્ની કરી આપી થયેલ કરાર મુજબ આપેલ પૈસા કે ફ્લેટો નહી આપી, તેમજ "મનાલી રેસીડ્ન્સી" ના ફ્લેટો પાવર કેન્સલ કર્યા વિના જ બદઇરાદાથી સને-૨૦૧૪-૨૦૧૫ મા અન્ય વ્યક્તિઓને વેચાણ આપી દસ્તાવેજ કરી આપી ચંદ્રુભાઇ સાથે વિશ્વાધાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.પ્રજાપતિ ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૧૬૮૭/૨૦૨૧**

પાલડીઃ હિતેશભાઇ કિરીટભાઇ ઠાકોર (ઉ.વ.૨૪)(રહે.પાલડી ગામ, ઠાકોરવાસ કૃષ્ણ ફલોર ફેક્ટરી પાસે, શાહી મસ્જીદ રોડ, પાલડી) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૯/૨૦૨૧ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આશાબેન અરવિંદભાઇ ચલાવે છે.

નારોલઃ હુરબાનુ ડો/ઓ મોહમદસમીર અંસારી (ઉ.વ.૧૬)(રહે.બાગે કૌશર ગ્રીનપાર્કની બાજુમાં નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૯/૨૦૨૧ ના કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.આમલીયાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી